શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

August 2024


# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 19 ● Issue 11 / 222

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

● Mumbai ● Page 28 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન: 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

આદરણીય વડીલો, સેવાભાવી પૂજ્ય દાતાશ્રીઓ, સ્નેહાળ પરિવારજનો,

પ્રણામ !

શ્રાવણ મહિનો પર્વો અને તહેવારોનો અવસર લઈને આવે છે. ચારે તરફ દરેક ધર્મોમાં **''ઉત્સવ રંગ વધામણા''ના સૂર ગૂંજી ઊઠે છે,** ઉત્સવો ઉજવવાથી માનવીના જીવનમાં ઉત્સાહ આવે છે. પ્રોત્સાહન મળે છે. ઓગસ્ટ માસનો આ અંક આપ સૌના કરકમળમાં આવશે ત્યારે આપણા સમગ્ર જૈન શાસનમાં પર્વાધિરાજ પર્યુષણની પધરામણી થઈ ગઈ હશે. નાના મોટા સહુ તપ, જપ, આરાધના કરીને પર્વાધિરાજ પર્વની ઉજવણી કરી આત્મકલ્યાણ હેતુ આગળ વધતાં રહો તેવી શુભેચ્છા.

શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ તરીકે આજે મને કહેવાનું મન થાય છે કે, વિવિધલક્ષી સક્રિય પ્રવૃત્તિઓ દ્વારા સુંદર કાર્ય થઈ રહ્યા છે. સમાજની ઉન્નતિ થઈ રહી છે સેવાની મશાલને પ્રકાશમય રાખવામાં જે દાનેશ્વરોએ તેલરૂપી ધન નાખી, સીંચી છે અને સંસ્થાને મંઝીલે પહોંચાડવા સમય, શક્તિ અને ધન અર્પી સેવા આપી છે. **''પરિશ્રમ એજ પારસમણી''** આ સૂત્ર દ્વારા મારી સાથે મારી ટીમના બધા જ કાર્યકરો જેઓ વિચારોથી જીવન અને યુગના ધબકાર સાથે તાલ મિલાવી એક પછી એક યોજનાબદ્ધ પ્રોજેક્ટ કરવા જાગૃત છે એવા શ્રી પાટણ જૈન મંડળના સુકાનીઓને આપણો સમાજ અભિનંદન આપે એ નિઃસંદેહ છે.

**''जाने वाले की याद आती है, आती रहती है।''** આ પંક્તિને યથાર્થ કરતાં એક દાનવીર **શ્રેષ્ઠી શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહે** તેમના તરફથી ધર્મપત્ની **શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ (શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી-કુંભારીયા પાડો)ની સ્મૃતિમાં** શ્રી પાટણ જૈન મંડળના **૧૧૨ વર્ષના ઈતિહાસમાં સર્વપ્રથમ ૧૨ કરોડ, ૪૮ લાખની** માતબર રકમ આપીને નોંધનીય રેકોડ નોંધાવ્યો છે. એક દીપક કંઈક દીવડા પ્રગટાવે એવી ઘટનાઓ આપણા શ્રી પાટણ જૈન મંડળમાં બની રહી છે. તે ખરેખર આપણા સમાજના સદ્‌ભાગ્ય છે. જે રીતે ગત વર્ષે - ૨૦૨૩માં **''સૌરભ મેડિકલ હેલ્થકેર''માં શ્રી હરેશભાઈ બાબુલાલ શાહે** સર્વ પ્રથમ માતબર રકમનું દાન આપ્યું હતું તે જ રીતે શ્રી પાટણ જૈન મંડળમાં આવા શ્રેષ્ઠી અણમોલ રત્નોની ભેટ મળતી જાય છે તે પ્રસંશનીય અને ગર્વ લેવા જેવી વાત છે.

**''હું તો આવ્યો છું અહીં લઈને થોડા ફુલ તમે થોડી ધરતી તો દ્યો, મારે એક ગુલઝાર રચવો છે.''**

સેવા અને સર્મપણના ફુલ લઈને આવ્યો છું આપ સહુની પાસે સમય સાથે, નિષ્ઠાપૂર્વક હું અને મારી ટીમ સહુ પરિવારના અંતરમાં એક ગુલઝાર રચવા માંગીએ છીએ અમને માન નથી જોઈતું, અમને માત્ર તમારું મન જોઈએ છે.

1. **શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ રૂા. ૧૦ કરોડ - લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**
2. **શ્રીમાન દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) રૂા. ૫.૨૫ કરોડ - લોનાવલા દેરાસરના મુખ્ય દાતાશ્રી**
3. **શ્રીમાન ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો) રૂા. ૫૦+૧૩=૬૩ લાખ - લોનાવલામાં સહયોગી આધાર સ્થંભ લાભાર્થી**
4. **શ્રીમાન ગીરીશભાઈ ચંદુલાલ શાહ (પત્રાવાલા) (ચીતારાની ખડકી) યુએસએ રૂા. ૫૦+૧૩ =૬૩ લાખ - લોનાવલામાં સહયોગી આધાર સ્થંભ લાભાર્થી**

Cont. page 2

**૫. શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ (હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ) રૂા. ૫૦+૧૩=૬૩ લાખ, લોનાવલામાં સહયોગી આધાર સ્થંભ લાભાર્થી.**

**૬. શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરૂવાલા) (કુંભારીયા પાડો) (હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ) રૂા. ૩૦ લાખ, એક રૂમના મુખ્ય દાતા.**

આ દાતાશ્રીઓએ સમાજ પ્રત્યેની પોતાની ભાવનાની ભિનાશ દ્વારા સેવાની ફોરમ મહેકાવી છે.

પરમ કૃપાળુ પરમાત્મા આ દાનવીર દાતાઓની તંદુરસ્તીપ્રદ દીર્ઘાયુ બક્ષે એજ અમારી શુભેચ્છા છે.

શ્રી પાટણ જૈન મંડળ **યુએસએમાં શીકાગોના** દેરાસર કોમ્પલેક્ષમાં **તા.૧૮ ઓગસ્ટ, રવિવારના** રોજ એક **ટ્રેડફેરનું** આયોજન કરવામાં આવ્યું હતું. આપણા **ટ્રસ્ટીશ્રી નિતીનભાઈ** અને ત્યાંની લોકલ ટીમ **શ્રીમતી ડિમ્પલ શાહ, શ્રી નરેન્દ્રભાઈ ખાંડવાલા અને ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ સાંડેસરાના** નેતૃત્વમાં લગભગ ૧૦૦થી વધારે પટણીઓએ સ્ટોલોની મુલાકાત લીધી હતી. શીકાગો જૈન સંઘે આપણને ૬૫૦૦ USD નું દાન આપ્યું છે, જેની સંસ્થા એમની અનુમોદના કરે છે.

આવતા વર્ષે **૨૦૨૫માં, જુલાઈની ૪થી** તારીખે **ત્રણ દિવસનો સેમિનારનું** આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર **Jaina Organize** કરે છે. આપણી સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ પણ સ્ટોલ લઈને તેમાં ભાગ લેવાનું વિચારેલ છે. આ સેમિનારમાં ત્રણ દિવસ પધારવા માટેનું આમંત્રણ આપુ છું, જેને યુએસએ આવવું હોય તેઓએ **Jaina Site** ઉપર જઈને બુકીંગ કરાવી લેવું.

**રવિવાર ૪ ઓગસ્ટ ૨૦૨૪ના** બોરીવલી ખાતે શ્રી પાટણ જૈન મંડળ હોલમાં ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું જેમાં લગભગ ૯૦ થી વધારે લોકોએ લાભ લીધો હતો. આના લાભાર્થી **શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ** (વખતજીની શેરી, પુના) હતા.

**શ્રી હેમંતભાઈ સાલવીની આગેવાની હેઠળ શ્રી અશોકભાઈ તથા શ્રી મિલનભાઈની** ટીમ તથા બોરીવલી મિત્રમંડળની ટીમ દ્વારા આ ફ્રી મેડિકલ કેમ્પનું કાર્ય પાર પડયું હતું, જેમાં ડૉક્ટરોનો આપણને સુંદર સાથ સહકાર મળ્યો હતો.

**તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના** રોજ ગોરેગામ ખાતે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમા લગભગ ૧૦૦ લોકો લાભ લેશે. આ મેડિકલ કેમ્પના લાભાર્થી **શ્રીમતી રચનાબેન વિક્રમભાઈ નગરશેઠ** (મણિયાતી પાડો) છે.

જીવન નિર્વાહ સ્કીમના મેઈન ડોનર **શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહની** આગેવાની હેઠળ વાઈસ પ્રેસીડન્ટ **શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહે** ઘરે ઘરે જઈને સર્વે કરવા માટે ટીમ બનાવી હતી, આ ટીમે જરૂરિયાતવાળા પરિવારોને વધારે સહાય મળે એવું નક્કી કરેલ છે. હું સહુ દાતાઓને અપીલ કરું છું કે સાધારણ વ્યક્તિઓના જીવનમાં ખુશીઓ લાવવા માટે મહત્તમ દાન કરીને પટ્ટણીઓને સમૃદ્ધ બનાવીએ.

સૌરભ મેડિકલ હેલ્થકેરમાં **શ્રી હેમંતભાઈ સાલવીની** આગેવાની હેઠળ **CEO આનંદ** અને તેમની ટીમ ખુબજ સરસ કામ કરી રહી છે, આપણે **NABH** સર્ટિફિકેટ લેવા માટે છેલ્લા છ મહિનાથી કામ કરી રહ્યા છીએ જેમાં આપણે ત્યાં ઘણું ઈમ્પ્રુવમેન્ટ થયું છે.

આપણે એક **NABH Management Team** ને એપોઈન્ટ કરી છે જે આપણી મેડિકલ ટીમને ટ્રેનીંગ આપી રહ્યા છે. આપણે **NABH** સર્ટિફિકેટ લેવા માટે દિલ્હી સબમીશન કરેલ છે, મને આશા છે કે દિલ્હીથી **NABH** બોર્ડ સપ્ટેમ્બરમાં મુલાકાત લેશે ને દરેક ડિપાર્ટમેન્ટ પ્રોપર કામ કરે છે એની ટેસ્ટ લેશે અને આ બહુજ કીંમતી સર્ટીફિકેટ આપણને મળી જશે જેથી ભવિષ્યમાં આનો ઘણો ફાયદો આપણા મેડિકલ સેન્ટરને તથા સમાજને મળશે.

ચાલુ વર્ષે સામાન્ય પટણીઓએ પોતાનું જીવન સારુ અને સ્વાસ્થ્યપૂર્ણ બને તેના માટે આપણી મેડિકલ સ્કીમ તથા મેડિક્લેઈમનો મોટો લાભ લીધો છે. જેના માટે મંડળે મેડિકલમાં સહાય કરવા માટે બહુ મોટી રકમ અત્યાર સુધીમાં વાપરી છે. આ રકમ અંદાજે **બે કરોડ** જેટલી થશે. જેના માટે ટ્રસ્ટીઓએ, વાઈસ પ્રેસીડન્ટે વિચાર્યું છે કે **રૂા. ૫૦ લાખ થી ૧ કરોડ** સુધીનું ભંડોળ ભેગુ કરવું જોઈએ. આ બાબતની મિટીંગમાં જ **પ્રમુખશ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ, પ્રથમ વાઈસ પ્રેસિડન્ટ શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, વાઈસ પ્રેસિડન્ટ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ દ્વારા પ્રત્યેક ડોનરે રૂા. ૫ લાખનું ડોનેશન જાહેર કર્યું છે.** હું સૌ દાતાઓને અપીલ કરું છું કે મેડિકલમાં સારુ યોગદાન આપીને સમાજના **''Healthy Patani Wealthy Patani''** સૂત્રને સાર્થક કરીએ.

**વાઈસ પ્રેસીડન્ટ શ્રી રોહિતભાઈની** આગેવાનીમાં તેમની ટીમે **૨૧મી સપ્ટેમ્બરના રોજ ગોરેગામ ખાતે નેસ્કો ગ્રાઉન્ડમાં ભવ્ય દાંડિયા રાસનું** આયોજન કર્યું છે જેના પાસ વિવિધ સેન્ટરો પરથી મળશે તેની વિગતવાર માહિતી આ અંકમાં આપવામાં આવી છે. આપ સર્વે દર વર્ષની જેમ ઉત્સાહ અને ઉમંગથી આ કાર્યક્રમને સફળ બનાવશો તેવી અમને આશા છે.

**તા. ૨ જી ઓક્ટોબર , ૨૦૨૪ ગાંધી જયંતિના દિવસે ગોરેગામ નેસ્કો સેન્ટર** ખાતે એક ભવ્યાતિભવ્ય **ટ્રેડફેરનું આયોજન** વાઈસ **પ્રેસિડન્ટ શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ** અને એમની ટીમના નેતૃત્વમાં થઈ રહ્યું છે. દરેક પટણીઓ વધુમાં વધુ સ્ટોલ બુકીંગ કરાવીને આ કાર્યક્રમને સફળતા અપાવે અને દરેક પટણીઓ પોતાની ખરીદી ત્યાંથી જ કરીને આપણા પટણીઓને સ્વાવલંબી બનાવે, તેમને જીવનમાં આગળ વધવા પ્રોત્સાહન આપે એવી મારી અભ્યર્થના.

સમાજના પ્રમુખ તરીકે હું તથા મારી સંપૂર્ણ ટીમ તરફથી અમારા કાર્યકાળ દરમ્યાન કોઈને પણ કાંઈ મનદુ:ખ પહોંચ્યું હોય તો આપ સર્વેને અમારા તરફથી **મિચ્છામી દુક્કડમ. I Wish PJM Every Succses**

* * * * *

# પર્વાધિરાજ પર્યુષણનો સંદેશ

## તંત્રી સ્થાનેથી...

ભારતી બી. શાહ

***આરાધક મિત્રો !***

***પ્રણામ***

**''આજ સુધી બધાને સાંભળ્યા, હવે તું તને સાંભળ,**
**આજ સુધી બધાને બચાવ્યા, હવે તું 'સ્વ'ને બચાવ !''**

પર્યુષણ એજ સમજ આપે છે કે, આ જ તારી પાસે સમય છે, તારો સમય છે એ સમયનો સદુપયોગ કરી લે, સમયને સાર્થક કરી લે.




પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એ જૈન ધર્મનું, જિન શાસનનું શાશ્વત પર્વ છે જે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એક એવો પાવન અવસર છે જે અનેક આત્માઓના હૃદયમાં ધર્મની પ્રેરણા જગાડે છે, જે આપણા હૃદયમાં ભાવ, ભક્તિ અને શ્રદ્ધા જગાડે છે. જેમના હૃદયમાં જૈનત્વ ખીલ્યુ હોય, જૈન ધર્મ પ્રત્યે અહોભાવ પ્રગટ્યો હોય એવી એક પણ વ્યક્તિ પર્યુષણમાં ધર્મક્ષેત્રમાં આવ્યા વિના રહે જ નહીં. દરેક શ્રાવક / શ્રાવિકાઓના મનમાં અંતરમાં એક આધ્યાત્મિક સ્ફૂરણા જાગવા લાગે ભીતરમાંથી જ એક પ્રેરણા પ્રગટવા લાગે, પર્યુષણ છે અને મારાથી બનતી ધર્મ સાધના, તપ, ત્યાગ, દાન આદિ કરવું છે ઘરમાં નાના બાળકોને પણ વહેલી સવારે સ્કૂલે જતાં પહેલા જિનાલયમાં દર્શન કરવા તો લઈ જ જાય. ઉપાશ્રયમાં ગુરુભગવંતો પાસે તપશ્ચર્યાના પચ્ચક્ખાણો લેવાય. ગુરુવાણીનું શ્રવણ કરવાનાં હૃદયમાં ભાવ જાગે મારે કંઈક તો કરવું જ છે.

આઠ દિવસની આરાધનામાં બે ટાઈમના પ્રતિક્રમણ, તપશ્ચર્યા, પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા, વ્યાખ્યાન, અનુકંપા, દાન વિગેરે વિગેરેના કર્તવ્યો કરવાનું મન થાય. જાણે-અજાણે પણ વ્યક્તિ માત્ર ધર્મ તરફ જ વળીને રહે.

પર્વાધિરાજના આગમનને વધાવવા લોકોમાં એક અનેરો ઉત્સાહ અને શક્તિનો સંચાર જાગૃત થાય. પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક વાંચન સમયે તો હર્ષનાદ સાથે પ્રભુની માતાએ જોયેલા ૧૪ સ્વપ્નોને ઝુલાવવાનો સોનેરી અવસર તો કોઈ જ ના ચૂકે. પરંતુ વર્ષોના વર્ષો સુધી પર્યુષણ તો ઉજવ્યા પણ સારા સારા વસ્ત્રો પહેરવાની ઈચ્છાઓમાં, દોડી દોડીને ઉપાશ્રયમાં જઈને સ્થાન ગ્રહણ કરતાં, કે તપશ્ચર્યાઓ કરતાં, ક્રિયાઓ કરતા ક્યારેય પણ એવો વિચાર આવ્યો છે ? કે અનુભવ થયો છે ? કે શ્રાવક પોતાના આત્માની સમીપ રહ્યો છે. ગુરુ મુખે જિનવાણીનું શ્રવણ તો વર્ષોથી કરતાં આવ્યા, પણ એક આપણે પોતાને સાંભળવાનું કામ નથી કર્યું આપણે ક્રિયાઓ તો કરી પણ પોતાની ભીતરના ભાવોમાં પરિવર્તન નથી લાવી શકતા.

પર્યુષણ છે પોતાને સાંભળવા માટે અને પોતાના આત્માને જાગૃત કરવા માટે આત્મદર્શન કરીને 'સ્વ' ને સાચવવા માટેનો સંદેશ પર્યુષણ આપે છે ક્રોધ પર કાબુ મેળવી, શાંત અને સમતાભાવ કેળવીને સમગ્ર જીવો સાથે 'મૈત્રીભાવ' બાંધવાનો ઉપદેશ આપે છે. રાગ-દ્વેષ - વેર - ઝેરના ભાવોને હૃદયમાંથી બહાર કાઢીને ત્યાં દયા, સ્નેહ, સહાનુભૂતિ, અનુકંપાના ભાવોથી હૃદયને છલકાવાનું છે તેના દ્વારા જ તો આત્મકલ્યાણ કરવાની તક મળે છે.

પર્યુષણ પરિવારમાં પ્રેમ અને પ્રસન્નતા રાખવાનું શીખવે છે, પર્યુષણને જો સાર્થક જ કરવા હોય તો જેની સાથે અબોલા છે એમની સાથે સામેથી બોલવા જવું જોઈએ.

એક વાક્ય હંમેશા યાદ રાખવું.

**'મારી મનસ્થિતિ મારા હાથમાં છે અને મારી પરિસ્થિતિ મારા કર્મોને આધારે છે'**

જૈન ઉપદેશ ગ્રંથ 'આગમ'માં વાત આવે છે.

એક રાજા બોધ પામી દીક્ષા ગ્રહણ કરવા તૈયાર થાય છે, દીક્ષા લેતા પહેલા તેને થાય છે કે મારો પુત્ર હજુ રાજ્યનો કારભાર સંભાળી શકે એટલો યોગ્ય નથી તેથી તે રાજ્ય પોતાના ભાણેજને સોંપે છે અને સ્વયં દીક્ષા લઈ લે છે.

આ બાજુ રાજાના પુત્રને થાય છે કે, 'મારા પિતાએ મારી સાથે અન્યાય કર્યો છે, રાજ્યનો હક્કદાર તો હું જ છું મારા પિતાએ મારા કઝીન ભાઈને સોંપ્યુ એને પિતા પ્રત્યે ખુબજ ગુસ્સો આવે છે દીક્ષા લીધેલા સાધુ પ્રત્યે જે ગુસ્સો આવે છે તે સમય જતા દ્વેષના રૂપમાં

બદલાઈ જાય છે. વર્ષો પછી એ દીકરો પણ સંયમ લઈને, સાધના, આરાધના કરે છે અને અંત સમયે સંથારો ગ્રહણ કરે છે. આલોચના બાદ સર્વજીવોને ક્ષમાપના કરે છે એક એક વરિષ્ઠોને યાદ કરીને ભાવથી ખમાવે છે, માત્ર નથી ખમાવતો પોતાના પિતાજીને.'

ઉત્કૃષ્ટ આરાધનાના કારણે મોક્ષમાં જવાને પાત્રવાન તો બની જાય છે, પરંતુ પોતાના પિતા પ્રત્યેના દ્વેષના કારણે મોક્ષથી દૂર થઈ જાય છે  અને ભવનપતિના દેવ બને છે. આ પર્યુષણ પર્વનો એજ સંદેશ છે કે પહેલા અબોલા, અણગમો, દ્વેષ વિગેરે દૂર કરી પછી આત્મસાધના કરો ક્ષમાપના કરીને સંબંધોને સુધારવા એ મોક્ષ છે.

ખામેમિ, મિચ્છામિ અને વંદામિની ત્રિપદી દ્વારા સંવત્સરીના સુમંગલ દિવસે સર્વ જીવોને ક્ષમા આપવી અને સર્વ ઉપકારીઓને અંતરના ભાવથી વંદન કરવા એજ પર્યુષણની સાચી ઉજવણી છે.

નયસાર સુથારથી 'મહાવીર' અને મહાવીરથી 'મોક્ષ' સુધીની 'યાત્રા'ને જો બરાબર સમજી લઈએ ચિંતન, મનન કરીને તેમના જેવા ગુણો આત્મસાત કરવાના પ્રયત્નો કરીએ તો પર્યુષણ પર્વની ઉજવણી સાર્થક થાય.

અસ્તુ

**શ્રી પાટણ જૈન મંડળ સંસ્થાના ૧૧૨ વર્ષના ઈતિહાસમાં**

**અભૂતપૂર્વ દાનની જાહેરાત કરતા ગર્વનો અનુભવ થાય છે.**

## શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી, કુંભારીયા પાડો)**



**રૂપિયા ૧૨.૪૮ કરોડનું**

**અભૂતપૂર્વ દાન**



**રૂા. ૧૦ કરોડ લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતા**

**રૂા. ૧.૨૫ કરોડ સૌરભ મેડિકલ હેલ્થકેર**

**રૂા. ૧.૦૮ કરોડ મરીનડ્રાઈવ કોમ્યુનિટી હોલ**

**રૂા. ૧૫ લાખ નૂતન પ્રાથમિક શાળા-વિજ્ઞાન લેબોરેટરી - પાટણ**



## શ્રી પાટણ જૈન મંડળ યોજિત

# હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DATA SHRI

## લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

## દેરાસરના સંપૂર્ણ લાભાર્થી

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ

**Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

- શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ
- શ્રી ગીરીશભાઈ ચંદુલાલ શાહ (પત્રાવાલા)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

- શ્રી દીપકભાઈ જિતેન્દ્રભાઈ શાહ
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ
- શ્રીમતી સેજલબેન (રૂપાબેન) મનીષભાઈ દફતરી
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા

# LONAVALA PROJECT SCHEME

## Rs. 1.00+25 = 1.25 Cr. સાધ્વીજી ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી

ઉપાશ્રય ઉપર ગોલ્ડન અક્ષરથી નામ આપવામાં આવશે
૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.

## Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે.
૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.
તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે,
જેના રૂા. ૨૫ લાખ રહેશે જેમાંથી રૂા. ૧૫ લાખ મૂર્તિ ભરાવવાના તથા
પ્રતિષ્ઠાના લાભના અને રૂા. ૧૦ લાખ સર્વસાધારણમાં વપરાશે.

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૮ લાખ અને ૫ લાખ સર્વસાધારણમાં વપરાશે.

## Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

## Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

---

બીજા અન્ય લાભો જેવા નાના મોટા Multi Purpose હોલ, બીગ એન્ટ્રસ લોબી,
ભોજનાલય તથા અન્ય ફેસેલીટીઓના લાભાર્થી લેવાના છે.
જેની વિગતવાર માહિતી પછીથી જણાવવામાં આવશે.
૫૦ લાખથી વધારે એમાઉન્ટના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.
દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.
જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) – ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી – પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ – માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

# લોનાવલા પ્રોજેક્ટના દાતાઓ

## મુખ્ય દાતા



શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ

રૂા. ૧૦ કરોડ



શ્રીમતી ગીતાબેન રાકેશકુમારશાહ

(અમદાવાદ)

## જિનાલયના સંપૂર્ણ લાભાર્થી



શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ
(માટલીવાલા)

રૂા. ૫.૨૫ કરોડ



શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ
(માટલીવાલા)

(કનાસાનો પાડો)

## સાધુ ભગવંતના ઉપાશ્રયના
## તથા
## મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી



શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ
(ચિતારાની ખડકી)



શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ
(કુંભારીયા પાડો)

# લોનાવલા પ્રોજેક્ટના દાતાઓ

## મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી



શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ
(કનાસાનો પાડો)



શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ શાહ
(કનાસાનો પાડો)



શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ
(પોળની શેરી)



શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ
(સાલવી વાડો)



શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી
(મનમોહનજીની શેરી)



શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ
(કેશુશેઠનો પાડો)

## સહયોગી આધાર સ્થંભ લાભાર્થી



શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ
(બ્રાહ્મણ વાડો)



શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ
(બ્રાહ્મણ વાડો)



શ્રી ગીરીશભાઈ ચંદુલાલ શાહ
(પત્રાવાલા) (ચીતારાની ખડકી)



શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ
(કનાસાનો પાડો)



શ્રી પ્રવિણભાઈ કાંતિલાલ શાહ
(કુંભારીયા પાડો)

# લોનાવલા પ્રોજેક્ટના દાતાઓ

**Rs. 15 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**




શ્રી દિલીપભાઈ વરજીવનભાઈ શાહ (મલ્લાતનો પાડો)



શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)



શ્રી બીપીનભાઈ ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)



શ્રીમતી સેજલબેન (રૂપા) મનીષભાઈ દફતરી

# ''સૌરભ મેડિકલ હેલ્થકેરમાં દાન નોંધાવનાર મુખ્ય દાતાશ્રીઓ''



શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)



શ્રી નરેન્દ્રભાઈ કાંતિલાલ ખાંડવાલા (વખતજીની શેરી)

# શિક્ષણ સહાય ફંડના દાતા



ડૉ. લીલાબેન મહેન્દ્રભાઈ શાહ

# PATAN - INDOOR OLYMPICS 2024



























# SHREE PATAN JAIN MANDAL
# PATAN
# INDOOR OLYMPICS 2024

TITLE SPONSOR
THE ROYALEUM ATELIER

તા. ૨૧, ૨૭ અને ૨૮ જુલાઈ, ૨૦૨૪ના NSCI Club ખાતે યુનીક Olympics રમતોત્સવ શાનદાર રીતે યોજાયો હતો.

સ્પોર્ટ્સ સમિતિ દ્વારા ખુબજ મોટા પાયે અને સફળતા પૂર્વક યોજાયેલ આ રમતોત્સવમાં બેડમિન્ટન, કેરમ, ટેબલ ટેનીસ, ચેસ જેવી રમતોમાં ૭ વર્ષથી ૮૩ વર્ષ સુધીના ૧૫૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

તા. ૨૮ જુલાઈના રોજ  પાટણ ઈન્ડોર ઓલિમ્પિકની ઓપનીંગ સેરેમની થઈ. ધ રોયેલિયમ એટેલિયરના ટાઈટલ સ્પોન્સરર (કનાસાના પાડો), **શ્રી ધીરેનભાઈ શાહે ટેબલ ટેનીસ રમી Indoor Olympicsનો શુભારંભ કર્યો હતો.**

**Indoor Olympicsના Title Sponsor - The Royaleum Atelier ના શ્રી ધવલભાઈ અને શ્રીમતી હેલબેન શાહ રહ્યા હતાં.**

**Jersey Sponsor - Pack Print Industries ના શ્રી પ્રકાશભાઈ શાહ અને શ્રી ધીરેનભાઈ શાહ**

**Trophy Sponsor – ZNL ના શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ નો** સહકાર રહ્યો હતો.

આ ઈવેન્ટને સફળ બનાવવા સ્પોર્ટ્સ સમિતિના ઉપપ્રમુખ **શ્રી રોહીતભાઈ** સેક્રેટરી **શ્રી વિનેશભાઈ, શ્રી યોગેશભાઈ, શ્રી મીતેશભાઈ** અને સહમંત્રી **પરાગભાઈ શાહે** ખુબ મહેનત કરી હતી. આ ઈવેન્ટના સ્ટ્રોન્ગ પીલર **શ્રી રાજીવભાઈ, શ્રી  જિનેનભાઈ, શ્રી દેવાંગભાઈ, શ્રી પુનિતભાઈ, શ્રી સંજયભાઈ, શ્રી ચીરાગભાઈ, શ્રી નિલેશભાઈ, શ્રી આશીતભાઈ, શ્રી પરેશભાઈ** વગેરે રહ્યા હતા.

**ચાર ટીમ વચ્ચે રસાકસી ભરી મેચ રમાઈ હતી.**

આખરે જીત **All Stars**ની થઈ બીજા નંબરે **PTS Blasters**, ત્રીજા નંબરે **Rising Stars** અને ચોથા નંબરે **PJM Voriars** રહી હતી.

આ સમયે હોદ્દેદારો તથા ખેલાડીઓ અને સગાં - સંબંધીઓએ હાજર રહીને ખુબ પ્રોત્સાહન આપ્યું હતું.

અંતમાં સહુએ સ્વાદિષ્ટ ભોજનનો લાભ લીધો હતો.















# શ્રી પોપટલાલ ભીખાચંદ સ્મૃતિ વ્યાખ્યાન






















# શ્રી પોપટલાલ ભીખાચંદ સ્મૃતિ વ્યાખ્યાન

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા **રવિવાર તા. ૧૮-૦૮-૨૦૨૪**ના **શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન** મરીનડ્રાઈવ ખાતે પાટણ જૈન મંડળના હોલમાં આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રમુખશ્રી દાનેશભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહ** અને **સેક્રેટરી શ્રી કલ્પેશભાઈ ઝવેરી, શ્રીમતી અલ્પાબેન શાહ, શ્રી સંજયભાઈ શાહ** અને **જોઈન્ટ સેક્રેટરી શ્રીમતી ભાવીનીબેન શાહની** આગેવાની હેઠળ બહુજ સુંદર પ્રવચનનું આયોજન શ્રી પાટણ જૈન મંડળ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલમાં સંપન્ન થયું હતું. સહુ શ્રોતાજનોએ વિશેષ પ્રમાણમાં ઉપસ્થિત રહીને ભક્તિ ગીત અને પ્રવર્ચનનું શ્રવણ કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત નવકારમંત્ર દ્વારા સંગીતકાર **શ્રી વિજયભાઈ દોશીએ** કરી હતી. તેઓએ દેશ-વિદેશની ધરતી કાર્યક્રમો આપ્યા છે. ત્રીસ મિનીટ સુધી સર્વે મહેમાનોને ભક્તિ સંગીતથી મંત્ર મુગ્ધ કરી દીધા હતા.

આ પ્રસંગે **શ્રી રોહિતભાઈએ** ઉપસ્થિત સર્વેનું સુંદર સ્વાગત કર્યું હતું તથા સૌનો આભાર પણ માન્યો હતો.

સેક્રેટરી **શ્રી કલ્પેશભાઈ ઝવેરીએ** પ્રાસંગિક ઉદબોધન કરીને આ પ્રોગ્રામનું સંચાલન કર્યું હતું.

**શ્રી કલ્પેશભાઈ ઝવેરીએ** હાજર રહેલા તમામનો આભાર માની સંગીતકાર **શ્રી વિજયભાઈ દોશી** અને **શ્રી ધર્મેન્દ્રભાઈ લોલાડીયાનો** ટૂંકમાં પરિચય આપ્યો હતો.

વક્તા **શ્રી ધર્મેન્દ્રભાઈ લોલાડીયાએ** શ્રીમદ્ યશોવિજયજી સંસ્કૃત પાઠશાળા મહેસાણામાં અભ્યાસ કર્યો છે, હાલ તેઓએ ભિવંડી રહેતા **શ્રી ધર્મેન્દ્રભાઈએ** ધાર્મિક અભ્યાસ કર્મગ્રંથ, તત્વાર્થ, નાનસાર, કમ્મપયડી, પ્રાકૃત એવા અનેક વિષયમાં અભ્યાસ કર્યો છે. વિવિધ સમુદાયના ૩૦૦થી અધિક સાધુ-સાધ્વીજી ભગવંતોને જ્ઞાનાભ્યાસ કરાવેલ છે. વીસથી વધુ સંયમના માર્ગે જવા નિકળેલ મુમુક્ષુઓને પ્રેરણા આપી દીક્ષા અપાવી છે. તેઓ પોતાની દીકરીને પણ દીક્ષા માટે આઠ વર્ષથી તૈયાર કરી રહ્યા છે. **શ્રી ધર્મેન્દ્રભાઈનો** પરિચય જાણીને હોલમાં ઉપસ્થિત સર્વે સભ્યોએ તાળીઓના ગડગડાટથી તેમનું અભિવાદન કર્યું હતું.

સેક્રેટરી **શ્રી સંજયભાઈ શાહે શ્રી વિજયભાઈ દોશીનું** બુકેથી સન્માન કર્યું હતું. સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન શાહ** અને **શ્રીમતી ભાવિનીબેન શાહે** દાતા ફેમિલીના **શ્રીમતી કલ્પનાબેનનું** સ્વાગત કર્યું હતું તેમજ **શ્રી રોહિતભાઈ અને શ્રી કલ્પેશભાઈ ઝવેરીએ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહનું** બુકેથી સ્વાગત કર્યું હતું. દાતા **શ્રી વિરેન્દ્રભાઈએ** વક્તા **શ્રી ધર્મેન્દ્રભાઈનું** સ્વાગત કર્યું હતું. **શ્રીમતી અલ્પાબેને** આભાર માન્યો હતો.

કર્મસાર શું છે એ વિષય પર **શ્રી કલ્પેશભાઈએ** ખૂબજ સરસ એક દ્રષ્ટાંત રજૂ કર્યું હતું. આંખે ઝાડ ઉપર ફળ જોયું દિલને ખાવાની ઈચ્છા થઈ, હાથે ફળ તોડ્યું, મોઢાએ ખાધુ, પણ આ કરતા માળી જોઈ ગયો અને લાકડી ફટકારી પીઠ ઊપર પીઠ કહે મારો શું વાક ? પણ લાકડી વાગવાથી આંખમાંથી દડદડ આંસું વહેવા માંડ્યા કારણ કે આંખે ફળ જોયું હતું. કર્મનો આજ સિદ્ધાંત છે કે આંખને ઈચ્છા થઈ અને આંખે ભોગવવું પડ્યું.

હાજર રહેલ **શ્રી ધર્મેન્દ્રભાઈએ વિજયભાઈ** સાથે સંગીતની અને વક્તવ્યની જુગલંદી કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા. પોતાના વક્તવ્ય સારમાં **શ્રી ધર્મેન્દ્રભાઈએ** કહ્યું કે; તમે જ કર્મ કર્યું હોય એનું ફળ તમારે આ જન્મમાં કે આગલા જન્મમાં ભોગવવું જ પડે છે, કર્મ કોઈને છોડતું નથી. કર્મ રાગ, દ્વેષ, અહંકારથી બંધાય છે. ખરાબ કર્મના નિવારણ માટે પોતેજ ફળ ભોગવવું પડે કોઈને દોષ દીધા વગર આપણે આપણી સાથે થયેલ સારી અથવા ખરાબ ઘટનાઓને ભોગવવી જ પડે. કર્મનું ફળ ભોગવવામાંથી કોઈ બાકાત રહી શકતું નથી. કર્મ પર આપણો અધિકાર છે. પણ એનાથી ઉત્પન્ન ફળ ઉપર આપણો અધિકાર નથી.

**કર્મના પ્રકાર (૧) સંચિત કર્મ (૨) પ્રારબ્ધ કર્મ વિશે સમજણ આપી.**

કર્મ હંમેશા ફળ આપીને જ શાંત થાય. દોઢ કલાક સુધી **શ્રી ધર્મેન્દ્રભાઈ લોલાડીયાએ** સુંદર વક્તવ્ય આપી સમાપન કર્યું. આવેલ દરેક સાધર્મિકને સેવ લાડવાની પ્રભાવના દાતા પરિવાર તરફથી આપવામાં આવી હતી.

આ રીતે બહુજ સરસ વિષય પર ચિંતન મનન કરતા વ્યાખ્યાન માળાનો પ્રોગ્રામ સમાપ્ત થયો હતો.

# SHREE PATAN JAIN MANDAL

## The Digital Revolution Is Here Are You Ready for the Next Big Leap?

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

**Executive Roundtable on**

**Business Design & Digital Transformation**



Nilay Shah MBA, B.E.
Founder & Business Architect

**Exclusively Designed for**

Visionary Entrepreneurs Business Leaders CXOs

**What You Get**

Actionable Steps to drive 100X growth.
Case studies and frameworks used by Google, Apple, Microsoft and Uber.
Innovative strategies to cut 90% risk and save 10X costs.

**Global Credentials**

- Enterprise Design Thinking Practitioner **IBM**
- Project Management Professional **PMI**
- Design Thinking & Challenge Management **SAP**
- Design Thinking **IITM**
- Business Process Management & Automation

**Why Attend?**

Stay Ahead : Keep up with industry leaders.
Close the Gap : Fix critical strategy issues now.
Lead the Race : Avoid falling behind in the market

**29th September, Sunday 10 am**
**PJM Hall, Marine Drive**

**REGISTER NOW**

**Act Fast—Limited Seats!**

https://bit.ly/PJMYOUTH_BusinessSuccess

---

**જુલાઈ – ૨૦૨૪, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ**

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

**આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) – ૩૮૪૨૬૫ – ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩**

**મુંબઈ કાર્યાલયઃ- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

**મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬**

| | |
|---|---|
| શ્રી શાંતિલાલ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) | ૫,૦૦,૦૦૦ |
| વિશ્વમૈત્રી ટ્રસ્ટ (મુંબઈ) | ૭૫,૦૦૦ |
| શ્રી અભયદાન ફાઉન્ડેશન (શ્રી મુંબઈ જીવદયા મંડળી, અમદાવાદ) | ૭૫,૦૦૦ |
| ડૉ. ધરણેન્દ્રભાઈ બીપીનભાઈ શાહ (અંધેરી, કોકાનો પાડો) | ૭૧,૦૦૦ |
| M/s. C.J. Shah & Co. (નરીમન પોઈન્ટ) | ૩૭,૦૦૦ |
| પરમ વેલફેર ફાઉન્ડેશન | ૩૬,૬૬૬ |
| શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર, (નેપિયન્સી રોડ, કનાસાનો પાડો) | ૩૫,૦૦૦ |
| શ્રી વિદ્યુતબેન બિપીનભાઈ શાહ (ભાભાનો પાડો) | ૩૧,૦૦૦ |
| શ્રી જીગીષા ભૈરવભાઈ શાહ, વીનીતા ભૈરવભાઈ શાહ (મુંબઈ) | ૩૧,૦૦૦ |
| શ્રી કૃષ્ણ ભજન મંડળી, (નીકોલ, અમદાવાદ) | ૩૧,૦૦૦ |
| શ્રી પરેશભાઈ જીવણલાલ ખાંડવાલા પરિવાર (કેશુશેઠનો પાડો) | ૨૫,૦૦૦ |
| શ્રીમતી પલ્લવીબેન અમીતભાઈ શાહ (વાલકેશ્વર, પોળની શેરી) | ૧૫,૦૦૦ |
| શ્રી નિલેશભાઈ જયકુમાર શાહ (ગોરેગામ, વખતજીની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી જતીનભાઈ લલિતકુમાર શાહ (જોગેશ્વરી, ખડાખોટડીનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રવિણભાઈ કપુરચંદ જૈન (અંધેરી, મણિયાતી પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ (કનાસાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી નીપાબેન મલયભાઈ શાહ (મરીનલાઈન્સ, નીશાળનો પાડો) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે **ADVT**

# PJM STALL AT CHICAGO JAIN TEMPLE

Jain Community Shines at Chicago Fun Fair, PJM US Announces Exciting Developments

The spirit of the Jain community was on full display at the recent JSMC Fun Fair held at the Chicago Jain Temple on August 8th, 2024. Nearly 500 attendees came together to celebrate our shared heritage with a day of laughter, delicious food, and inspiring connections. Patan Jain Mandal proudly hosted a stall for the second time, highlighting ongoing projects and honoring the achievements of Patan Jain Mandal Alumni in the US. The vibrant atmosphere was fueled by lively music, mouthwatering pendo, and the warm summer sun. PJM President Mahendra Bhai, Nitin Bhai, and Dimple Shah were delighted to connect with guests, many of whom shared cherished stories of their Patan roots. The day began with the US national anthem and closed with the Indian national anthem, a beautiful reflection of our multicultural identity. Don't miss the photos capturing the joy of the event!

Mark your calendars for a dazzling Dipavali Dinner with family and friends on November 8th/ 9th, 2024! (let's decide)

Join Us for the 2025 JAINA Event in Chicago! PJM US will be showcasing our initiatives and connecting with community members at our booth. Register now to be part of this exciting and informative experience: https://www.jainaconvention.org/registration/

PJM US is Growing: Your Skills Can Make a Difference! We're thrilled to announce that we're seeking passionate individuals to join our team in the areas of Education, Healthcare, Accounting, and Social Upliftment. If you or someone you know is eager to contribute their talents to our community, please send resumes to patanjainusa@gmail.com.

Together, we'll create a brighter future for PJM US!











# Shree Patan Jain Mandal
## SAURABH MEDICAL HEALTH CARE (Goregaon)

### We Welcome Donors for the following Department

| | | |
|---|---|---|
| 26. | Physiotherapy | ... 1.25 Cr |
| 27. | Dental | ... 1.00 Cr |
| 28. | ENT | ... 1.00 Cr |
| 29. | Pediatric | ... 1.00 Cr |
| 30. | Homeopathy | ... 0.50 Cr |
| 31. | Ayurvedic | ... 0.50 Cr |

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah : Mo. 9930891985

Shri Hemantbhai Kantilal Salvi : Mo. 9820048367

**50 Lc** — **DERMATOLOGY DEPARTMENT**
Shri Narendrabhai Kantilal Khandwala (USA)

**25 Lc** — **DR. REPORTING ROOM**
Smt. Bhanuben Sureshchandra Himatlal Shah
Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben

**25 Lc** — **WAITING AREA**
Shri Shirishbhai Mafatlal Zaveri
Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar

**25 Lc** — **RECEPTION ROOM**
Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon)

**25 Lc** — **CONFERENCE ROOM**
Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara

**25 Lc** — **OPG SECTION**
Smt. Pravinaben Mahendrabhai Sandesara
Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara

**25 Lc** — **GASTROENTEROLOGY**
Shri. Jatinbhai Bhagwandas Shah
Haste: Smt. Ninaben Jatinbhai Shah

**25 Lc** — **CHEST MEDICINE**
Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani

**25 Lc** — **GASTRITIS**
Smt. Kinnariben Dipakbhai Shah

**25 Lc** — **ALZHEIMER & DEMENTIA**
Smt. Kiranben Pravinbhai Shah (USA)

## શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| Amount | Donation |
| --- | --- |
| 5.25 Cr | **MAIN DONOR OF PROJECT**<br>Smt. Arunaben Babulal Chhotalal Shah |
| 4.00 Cr | **CO. DONOR OF PROJECT**<br>Smt. Pannaben Kapoorchand Sonawala |
| 5.50 Cr | **2000 SQ.FT PROPERTY**<br>Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah |
| 2.50 Cr | **CARDIOLOGY DEPARTMENT**<br>Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste: Shri Bhupendrabhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri |
| 1.50 Cr | **PATHOLOGY DEPARTMENT**<br>Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) |
| 1.25 Cr | **SONOGRAPHY DEPARTMENT**<br>Smt. Geminiben Hemantbhai Kantilal Salvi |
| 1.25 Cr | **DIALYSIS CENTRE**<br>Shri Shantilal Nagindas Shah (Shubh Trust) |
| 1.25 Cr | **GENERAL SURGERY**<br>Smt. Vasumatiben Sevantilal Ambalal Shah |
| 1.25 Cr | **X-RAY DEPARTMENT**<br>Smt. Geetaben Rakeshkumar Kantilal Shah<br>Prerit : Shri Janakbhai Arvindkumar Shah |
| 1 Cr | **OPHTHALMOLOGY DEPARTMENT**<br>Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar |
| 50 Lc | **ORTHOPEDIC CENTRE**<br>Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri |
| 50 Lc | **GYNECOLOGY CENTRE**<br>Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah |
| 50 Lc | **SADHU BHAGWANT ROOM**<br>Smt. Neelaben Ashokbhai Popatlal Shah |
| 50 Lc | **SADHVIJI BHAGWANT ROOM**<br>Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah |
| 50 Lc | **MAMMOGRAPHY DEPARTMENT**<br>Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri |
| 50 Lc | **GENERAL CONSULTING**<br>Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar |
| 50 Lc | **INTERNAL MEDICINE**<br>Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust • Babu Nanakchand Poonamchandji Trust |
| 50 Lc | **DIABETIC DEPARTMENT**<br>Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah |

TRADE FAIR 5

# SHREE PATAN JAIN MANDAL

## Proudly Announces

### 5th TRADE FAIR & EXHIBITION

**2nd October 2024, Wednesday, 10.00 am to 6.00 pm**

**Venue: NESCO, Off Western Exp. Highway, Goregoan (E)**

Young Entrepenurs નો ઉત્સાહ મંદ ન પડે અને તેઓના વ્યાપારને વધારેમાં વધારે મદદ-ઉત્તેજન મળે તેમ જ આવનાર નવરાત્રી, દિવાળી અને લગ્ન સીઝનનો પણ લાભ મળે એ હેતુસર Fifth Trade Fairનું સહર્ષ આયોજન કરેલ છે. જેમાં ૧૦૦ થી અધિક સ્ટોલોનું આયોજન કરેલ છે.

આ વખતે ધંધા માટેની ધગશને વ્યવસ્થિત રીતે રજૂ કરવા મોટા પાયાનું આયોજન એક BIG TASK બની રહેશે.

સમિતિના કાર્યકર્તા અને સમાજના વ્યવસાયિકોના મનોબળ વધારવા ઉદારદિલ દાતાઓએ પોતાનો ફાળો આપી આયોજક ટીમનો ઉત્સાહ વધારવા વિનંતી છે.

**તો ચાલો આપણા સમાજને સમૃદ્ધ કરવા ટ્રેડફેરને સફળ કરીએ.**

## ATTRACTIONS OF 5th TRADE FAIR

1. 100+ Stalls covering a wide variety of products and services
2. Discount coupon to Visitors • 3. Free Tea, Coffee, Biscuits & Mineral Water
4. Easily accessible by Mumbai Metro • 5. Ample parking space

## STRONG PILLARS OF TRADE FAIR & DANDIA RAAS

Smt. Bhagwatiben Vinodchandra Shah (Matliwala) Parivar (Kanasano Pado)
Smt. Dharaben Shaileshbhai Shah (Kumbhariya Pado)
Shri Hemantbhai Kantilal Shah (Salvi) Parivar (Salvi Wado)
Smt. Kanalben Hiteshbhai Shah (Kapoor Mehta no Pado)
Smt. Kinnariben Dipakbhai Shah (Dank Mehta no Pado)
Smt. Monikaben Sanjaybhai Rameshchandra Shah (Dank Mehta no Pado)
Shri Rameshchandra Chhabildas Jhaveri Parivar (Manmohanjini Sheri)
Smt. Sudhaben Dineshbhai Shantilal Shah (Pole ni Sheri)
Shri Viral Rajendrabhai Champaklal Jhaveri Parivar (Manmohanjini Sheri)




**Hey Everyone!***

We are now *HOUSE FULL*!

But don't worry! We've started a ***waiting list*** for those who still want to join in the excitement If any spots open up, you'll be the first to know!

A HUGE thank you for making this event successfull even before it begins! We can't wait to see you there!

**BELOW LINK IS THE LINK TO REGISTER FOR WAITING LIST**

HTTPS://BIT.LY/PJMTF2024_WAITLIST

### Ecominomic Upliftment Committee

Shri Hiteshbhai M. Shah -V. Presi

**Advisory:**
Shri Sandipbhai Kirtilal Shah

**Secretaries :**
Shri Nikhilbhai Mahendrabhai Banker
Shri Sanjaybhai Sudhirbhai Shah
Shri Dhirenbhai Hasmukhbhai Shah

**Jt. Secretaries :**
Shri Deveshbhai Rameshchandra Shah
Shri Bhavikbhai Bhadreshbhai Shah
Shri Sonirbhai Mahendrabhai Shah
Shri Jigarbhai Girishbhai Shah

# શ્રી પાટણ જૈન મંડળ

## અને પ્રોગ્રામ સમિતિ આયોજિત






*on the beats of...*

## *Manish Parekh & his Troupe*

**શનિવાર, તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪ • સાજે ૬.૩૦ કલાકે**

**સ્થળ: નેસ્કોગ્રાઉન્ડ, ગેટ નં. ૨, ગોરેગામ (ઈ), મુંબઈ - ૪૦૦૦૬૩**

**(ડીનર સાથે ચોવીહારની વ્યવસ્થા રાખેલ છે.)**

**ડોનેશન પાસ રૂા. ૫૦૦/- Entry with dinner**

### STRONG PILLARS OF TRADE FAIR & DANDIA RAAS

1. Smt. Bhagwatiben Vinodchandra Shah (Matliwala) Parivar (Kanasano Pado)
2. Smt. Dharaben Shaileshbhai Shah (Kumbhariya Pado)
3. Shri Hemantbhai Kantilal Shah (Salvi) Parivar (Salvi Wado)
4. Smt. Kanalben Hiteshbhai Shah (Kapoor Mehta no Pado)
5. Smt. Kinnariben Dipakbhai Shah (Dank Mehta no Pado)
6. Smt. Monikaben Sanjaybhai Rameshchandra Shah (Dank Mehta no Pado)
7. Shri Rameshchandra Chhabildas Jhaveri Parivar (Manmohanjini Sheri)
8. Smt. Sudhaben Dineshbhai Shantilal Shah (Pole ni Sheri)
9. Shri Viral Rajendrabhai Champaklal Jhaveri Parivar (Manmohanjini Sheri)

**For More details Contact :**

| | | |
|---|---|---|
| Shri Rohitbhai Mahasukhlal Shah | V.Presi | 9820227147 |
| Smt. Alpaben Vineshbhai Shah | Secretary | 9322214197 |
| Shri Kalpeshbhai Rameshchandra Jhaveri | Secretary | 9821129819 |
| Shri Sanjaybhai Rameshchandra Shah | Secretary | 9821083487 |

**''દાંડિયા રાસ'' ડોનેશન પાસની વિતરણ વ્યવસ્થા તા. ૨૫-૦૮-૨૦૨૪ નીચે મુજબ રાખેલ છે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| Marine Drive | PJM, Office | 8779161209 | Goregaon (W) | PJM Office | 9076242381 |
| Nagdevi | Jyotindrabhai Devdawala | 9819793001 | Kandivali | Bhavikbhai Shah | 7666676701 |
| Walkeshwar | Mehulbhai Shah | 9820085310 | | Milanbhai Shah | 9324370338 |
| Santacruz | Pankajbhai Shah | 9167239966 | Borivali | Jigarbhai Shah | 9820280327 |
| Vile Parle (E) | Bhaviniben Shah | 9920064668 | | Mayurbhai Shah | 9819965004 |
| Vile Parle (W) | Sanjaybhai Shah | 9820008585 | | PJM Office | 9321361110 |
| Andheri | Rohitbhai Shah | 9821309981 | Bhayander | Nileshbhai Shah | 9321150160 |
| Goregaon (W) | Beenaben Shah | 8879029991 | | PJM Office | 8291355659 |
| | Minalben Shah | 7208201973 | Vasai | Nileshbhai Shah | 9820200523 |
| | Sanjaybhai Shah | 9819007469 | Ghatkopar | Kunalbhai Shah | 7738188889 |

**નોંધ : વેલે પાર્કીંગની વ્યવસ્થા રાખેલ છે.**

# ક્ષમાપના પહેલા પોતાના આત્માની, પછી સમષ્ટિની

આત્મશુદ્ધ અને આરાધનાના સાત દિવસનો સરવાળો ક્ષમાયાચનામાં છે. ક્ષમાના બોલથી અને પ્રેમના ચક્ષુથી સંસારને સંબોધવાની અને જોવાની શીખ આપનાર પર્યુષણ પર્વના સંવત્સરી દિને પ્રતિવર્ષ સહુની સાથે હેત અને પ્રીત બંધાય તે માટે મિચ્છામિ દુક્કડમ કહેતા આવ્યા છીએ, પણ હકીકતમાં પહેલી ક્ષમા આપણે આપણા શુદ્ધ સ્વરૂપી આત્માની માગવાની છે.

આ આત્મા કેવો મહાન છે ? એ તો સિદ્ધ ભગવાનના આત્મા જેવો છે, પણ એ આત્માની એવી બૂરી દશા કરી છે, તે તો જુઓ ! એના પર એટલા બધા થીગડા લાગેલા છે અને એને એટલી બધી જગાએ સાંધેલો છે કે મૂળ કપડું કયું છે એનો ખ્યાલ પણ નથી આવતો. એ આત્મા પર કષાયના એટલા બધા આવરણ ચઢી ગયા છે કે એને એના શુદ્ધ સ્વરૂપનો ખ્યાલ પણ નથી.

ભલે તમે તમારા એ આત્માને અનંત ગુણ, અનંત શાંતિ અને અનંત શક્તિમાન કહેતા હો, પરંતુ એ અનંત ગુણના ભંડારમાં એકેય ગુણ જીવનમાં ઉતાર્યો છે ખરો ? અનંત શાંતિના સાગરમાં સ્નાન કરવાનું તો ઠીક, પરંતુ એના કિનારે રહીને પગની પાંચ આંગળીયો ભીની કરી છે ખરી ? કહો છો કે એ અનંતશક્તિઓનો સંગ્રહ ધરાવે છે પણ એમાં તો આજે અશક્તિઓનું મ્યુઝિયમ ઊભું થઈ ગયું છે.

ભગવાન મહાવીરે કહ્યું કે નાનકડી ગોટલીમાં જેમ આંબાનું વિશાળ વૃક્ષ સમાયેલું છે, તેમ આત્મામાં પરમાત્મા છૂપાયેલો છે. પરંતુ તમે હજી કયા આંબાના વૃક્ષ રૂપે કે પછી આમ્રમંજરી રૂપે મહોર્યા છો ? હજી ભૂમિમાં એ જ ગોટલીના રૂપે કર્મરસથી મલિન, કષાયથી ઘેરાયેલા, દોષોથી ભરેલા યાચના કરતા ગોટલી જેવા પડ્યા છો. આથી જ આજે બીજા બધાની પછી, પણ પહેલી તમારા આત્માની માફી માગીએ કે મને ક્ષમા આપજે કે હું તારામાં વસેલા દયા, શાંતિ અને પવિત્રતાની સદૈવ ઉપેક્ષા કરતો રહ્યો. તારા પર એક પછી એક કર્મના આવરણ ઓઢાડતો ગયો. કષાયોની પારાવાર રમત ખેલતો ગયો અને પરિણામે હે આત્મા, તારા શુદ્ધ સ્વરૂપથી હું ઘણો દૂર ચાલ્યો ગયો છું. સ્થિતિ તો એવી કે તારા શુદ્ધ સ્વરૂપને ભૂલીને કાવાદાવા, કલહ, કંકાસ અને કુટિલતામાં હું ખૂપી ગયો છું.

આમ પહેલી ક્ષમા એ પોતાના આત્માની માનવાની અને પહેલો નિશ્ચય એમાંથી બહાર આવવા માટે કરવાનો. એને માટે મન, વચન અને કાયાથી સાચો પુરુષાર્થ જોઈએ. જ્ઞાન, દર્શન અને ચારિત્રની કેળવણી જોઈએ, એ બધુ મળે તો જ પૂર્ણ શાંત સ્વરૂપની પ્રાપ્તિ થાય.

આ આત્માનો સહજ સ્વભાવ છે ક્ષમા, એનો સ્વાદ છે ક્ષમા. પણ તે ક્ષમાનું પરિણામ ન કરતાં એના વિભાવ સમા ક્રોધનો મહિમાં કર્યો છે. હવે આજે તારા આત્માની ક્ષમા માગ. બીજાને અનંતવાર ક્ષમા કરી શકીશ, પરંતુ આત્માની ક્ષમા એ સૌથી પહેલી બાબત છે.

તારા આત્મામાં જોઈશ તો ખ્યાલ આવશે કે ક્ષમા તો એમાં પડેલી જ છે. જેમ સૂરજ પર વાદળા છવાયા હોય, પણ વાદળા એ સૂરજ નથી, એમ તારા પર ક્રોધના વાદળ છવાયેલા છે એને હટાવી તારા શુદ્ધ સ્વરૂપમાં આવીશ એટલે આપોઆપ ક્ષમા જાગશે. હવે જો ક્ષમા તારો સ્વભાવ હોય, તો એમાં લેવડ-દેવડ ક્યાંથી હોય કારણ કે ક્ષમા પોતે જ ક્ષમા છે.

કામદેવ શ્રાવકની અડગ ધર્મશ્રદ્ધાને વિચલિત કરવા માટે સ્વર્ગના દેવે તોફાની હાથી, વિશાળ ફણાવાળા સર્પ અને હત્યા કરવા માટે ખડગ લઈને આવેલા હત્યારાનું રૂપ લઈને તેને ભયભીત કરવા પ્રયાસ કર્યો, પરંતુ કામદેવ શ્રાવક ધર્મમાર્ગમાં સ્થિર રહ્યો. ગર્વિષ્ઠ દેવ પરાજિત પામ્યો અને એણે કહ્યું, તમારા આવા સમકિતરૂપને જોવાથી મારું અનાદિકાળનું મિથ્યાત્વ નાશ પામ્યું છે. ચંદનના વૃક્ષની જેમ આપે કેટલાય વાવાઝોડા સહન કરીને સાહજિક ક્ષમાથી મને સમ્યકત્વરૂપી સુગંધ આપી છે અને આ રીતે અનેક ઉપસર્ગો સહન કરનાર કામદેવ શ્રાવક સહજ ક્ષમા ધારણ કરે છે અને સ્વયં ભગવાન મહાવીર પૂર્ણભદ્ર ચૈત્યમાં ઉપદેશ આપતા આ શ્રાવકની ધર્મશ્રદ્ધાની અનુમોદના કરે છે.

ક્ષમા આપોઆપ થવી જોઈએ. બીજાને ક્ષમા આપતી વખતે અહંકારનો કોઈ સ્પર્શ થવો ન જોઈએ અને હકીકતમાં ક્ષમા એ સંવાદ છે. તમે મને માફ કરો તેમ નહીં, પરંતુ તમને પણ માફ કરી દેવાનું કહે છે અને એટલે સંવત્સરીએ પહેલાં પોતાની જાત પ્રત્યે કરેલા દુવર્તાવની ક્ષમા માગવાની છે. આ ક્ષમા ભલે સહજ ગણાતી હોય, પણ આપવી ઘણી મુશ્કેલ છે. ક્ષમા માગવી મુશ્કેલ અને આપવી તો એનાથીય કઠિન. પરંતુ સમય જતાં આ માગવાની અને આપવાની પ્રક્રિયા વિલીન થઈ જાય અને જીવનની ક્ષણેક્ષણમાં ક્ષમા વણાઈ જાય એજ સાચી ક્ષમા.

અને તેથી આજે પહેલું સોપાન છે ક્ષમા માગવાનું અને તે પોતાની જાતથી માંડીને સમગ્ર સૃષ્ટિ સુધી બીજું કામ છે ક્ષમા આપવાનું અને ત્રીજુ કામ છે ક્ષમા આ માગવાની અને આપવાની પ્રવૃત્તિ કે પરિસ્થિતિ સાવ ક્ષુલ્લક લાગે એવી સહજ સ્થિતિ પ્રગટાવવાની. આત્મા સતત ક્ષમામાં જ વાસ કરતો હોય. જેમ શ્વાસ લેવા એ સ્વાભાવિક બાબત છે એમ ક્ષમા પણ સ્વાભાવિક બનવી જોઈએ. જેમ શ્વાસ એ શરીરનો ધર્મ છે, એ રીતે ક્ષમા પણ જીવનનો ધર્મ બનવી જોઈએ.

આથી જ ક્ષમા તે તેજસ્વીઓનું તેજ અને તપસ્વીઓનો બ્રહ્મ કહી છે, પણ ખરેખર આપણે તપસ્વી રહ્યા છીએ ખરા ? કે પછી દંભ,

ડર કે કાયરતાનો અંચળો ઓઢીને બેઠા છીએ? આપણે જોઈએ છીએ કે ઘણાને જૂઠનો ભય નથી પણ જૂઠાણું પકડાઈ જવાનો ભય છે. પાપનો ભય નથી પણ પાપ આચરતા ઝડપાઈ જવાનો ભય છે, ચોરીની બીક નથી પણ ચોરી ઊઘાડી પડી જવાની ભિતી છે.

માનવી જ્યાં સુધી ભયભીત છે ત્યાં સુધી ક્ષમાપનાને પામી શકતો નથી. આપણે માત્ર બીજાનું જ મન દુઃખી નથી કરતા, માત્ર અન્યને જ કટુ વચન કહેતા નથી કે માત્ર સામી વ્યક્તિના જ આત્માને નથી દુભાવતા, પરંતુ આપણા પોતાના આત્માને પણ દુભાવીએ છીએ. મન, વચનથી તેને ત્રાસ આપીએ છીએ. ખુદ આપણે આપણા પર ગુસ્સે થયા છીએ. આમ માત્ર સામી વ્યક્તિ તરફ કરેલા પાપોની જ નહીં પણ સ્વ પ્રત્યેના આપણા પાપોની પણ જાણ મેળવવી જોઈએ. એ એટલા માટે જરૂરી હશે કે તે પાપનો એકરાર કરવો પણ જરૂરી છે. એણે કોઈ ગરીબનું શોષણ કર્યું હોય કે કોઈના શોષણમાં સૅંધનરૂપ બન્યા હોય, કોઈને લાંચ આપી હોય કે કોઈની લાંચ લીધી હોય, પરિગ્રહથી બીજાને પીડા આપી હોય કે હિંસાથી કોઈનું હનન કર્યું હોય ત્યારે માનવીએ પોતે પોતાની જાતના તાજના સાક્ષી બનીને અપરાધોનો એકરાર કરવો જોઈએ. ક્ષમાપનામાં આ નિખાલસ એકરાર ઘણો મહત્વનો છે, આથી જ આચાર્ય ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે.

જં દુક્કડં તિ મિચ્છા, તે ભુજ્જો કારણં અપૂરતો,
તિવિહેણ પડિહંતો, તસ્સ ખલુ દુક્કડં મિચ્છા.

(જે સાધક મન, વચન અને કાયાના ત્રણેય યોગથી પ્રતિક્રમણ કરે છે, જે પાપને મિચ્છામી દુક્કડં દે છે અને પુનઃ તે પાપ કરતો નથી, તેનું દુષ્કૃત - પાપ મિથ્યા થઈ જાય છે. પાપને જાણીને, તેનો નિખાલસ એકરાર કરીને તેમજ એ પાપો ફરી ન કરવાની કૃતનિશ્ચયી પ્રતિજ્ઞા લેવાય ત્યારે જ ક્ષમાપનાની નજીક પહોંચાય છે.)

મિચ્છામિ દુક્કડંનો અર્થ જ એ છે કે એક વાર જે ભૂલને માટે ક્ષમાપના કરી, જે દોષને માટે પશ્ચાતાપ કર્યો, જે પાપને માટે પ્રાયશ્ચિત કર્યું એવી ભૂલ, એવો દોષ કે એવું પાપ કરવાથી હંમેશને માટે દૂર રહીશું એવો સંકલ્પ કરેલો.

જૈન ધર્મમાં તો શ્રમણને એવી આજ્ઞા કરવામાં આવી છે કે જ્યાં સુધી તારી ભૂલની ક્ષમા માગે નહીં ત્યાં સુધી થૂંક પણ ગળાથી નીચે ઉતારવું નહીં પરંતુ કાંટા બિછાવનાર તરફ સ્નેહ રાખવો એ ક્ષમાની અગ્નિપરીક્ષા છે. એક વાર ભગવાન બુદ્ધના પોતાના જ શિષ્યે ઈર્ષ્યાના આવેશમાં ભગવાન બુદ્ધ પર એક મોટી શિલા ફેંકી, ભગવાન બુદ્ધના પગમાં ઈજા થઈ. ઘણા દિવસો સુધી તેઓ ચાલી શકતા નહોતા. આમ છતાં ભગવાન બુદ્ધને તેમના શિષ્ય તરફ સહેજે કટુતાનો ભાવ નહોતો. એથીય વધુ તેઓ કહેતા કે આપણે આવું સહન કરીશું તો તેમને અંતે તો ભૂલ સમજાશે.

ક્ષમા એ ધર્મ અનુષ્ઠાનનો માપદંડ છે. ધર્મના અનુષ્ઠાન કેટલે અંશે આત્મશાત થાય છે તેનો તાળો ક્ષમા પરથી મળી શકે, ક્ષમાવૃત્તિના વિકાસ પરથી મળી શકે. ક્ષમા ધર્મભાવનાનું બેરોમીટર છે. ક્ષમા ન હોય તો બધા વ્રત, જપ, તપ, ધ્યાન, અનુષ્ઠાન સફળ થતાં નથી. આ ક્ષમા તે આત્માનો ગુણ છે, જે ક્રોધ અને કષાયથી વિકૃત થાય છે. જેમ પાણી સ્વભાવે શીતળ છે પણ અગ્નિનો સંયોગ થતાં ઉષ્ણ થાય છે. આમ ઉષ્ણતા એ જળનો સ્વભાવ નથી પરંતુ એનો વિભાવ છે. અગ્નિનો સંપર્ક દૂર થતાં જ એ જળ પોતાની સ્વાભાવિક શીતળતા પ્રાપ્ત કરી લેશે. પાણીમાં શીતળતા માટે કોઈ અન્ય સાધનની જરૂર પડતી નથી કારણકે એ એનો સ્વાભાવિક ગુણ છે. એજ રીતે ક્ષમા આત્માનો સ્થાયી ગુણ છે એને માટે અન્ય કોઈ બાહ્ય સામગ્રીની જરૂર નથી. પણ પાણીમાં જેમ ઉષ્ણતા આવે છે એ રીતે આત્માનો સ્વાભાવિક ગુણ ક્ષમા, ક્રોધ, કષાયના ઉદયથી વિકૃત થઈ જાય છે પણ એ વિકૃતિ સ્વાભાવિક હોતી નથી.

એજ રીતે અગ્નિના સંપર્કના અભાવમાં ઉષ્ણતા શાંત થઈ જાય છે, એ જ રીતે ક્રોધ, કષાયના અભાવમાં વિકાર શાંત થઈ જાય છે. જ્યારે જીવ પોતાના નિજભાવ રૂપમાં પરિણમે છે ત્યારે સુખી થાય છે. કારણ કે સુખ એના આત્મસ્વભાવથી પ્રાપ્ત થાય છે. પોતાના સ્વભાવમાંથી ડગી જઈને પરભાવ અથવા વિભાવને પ્રાપ્ત કરે છે ત્યારે એ દુઃખી થાય છે. આમ ક્રોધભાવ એ આત્માનો સ્વભાવ નથી પરંતુ અન્ય પદાર્થના સંયોગથી ઉત્પન્ન થયેલો વિભાવ છે અને તેથી જ એ આત્માને અહિતકારક છે. આમ ક્રોધ જેવી કોઈ હાનિકારક વસ્તુ નથી અને ક્ષમા જેવી કોઈ ગુણકારક બાબત નથી. ક્રોધ માત્ર આલોકમાં જ નહીં, પરલોકમાં પણ દુર્ગતિ અપાવે છે આથી જ ક્ષમા વિશે કહ્યું છે.

***ઉત્તમ ખમ તલ્લોયહ સારી, ઉત્તમ ખમ જમ્મોદહિતારી,***
***ઉત્તમ ખમ રયણત્તય ધારી, ઉત્તમ ખમ દુગ્ગઈદુહહારી.***

(ઉત્તમ ખમ ત્રણે લોકમાં સારરૂપી જન્મ મરણરૂપ સંસાર મુદ્રાને તારનારી છે. રત્નત્રયને પ્રાપ્ત કરાવનારી છે તથા દુર્ગતિને હરણ કરનારી છે.)

**❑ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

# અભિનંદન



Shree **Dhairya** Sonir Mahendra Shah
(Kesu Seth no Pado)
Borivali (W)
Duke university North Carolina USA
Degree in Master of Engineering Management





Chi. **Tiara** Chintanbhai Maniar,
(Choudhary ni Sheri), Juhu
Scoring 97.8% in her ICSE 10th.








શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**
મેળવો ત્રણ ત્રણ લાભ

❂ સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન ❂ સાધર્મિક ભક્તિ ❂ મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧
સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

# માનવ સેવા એજ જન સેવા





યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં લેડીઝ પોલીસ ઓફિસરની એક્ઝામ માટે સતત ૨૦ દિવસથી મહારાષ્ટ્રના વિવિધ આંતરિયાળ ભાગોમાંથી છોકરીઓ પોતાના પરિવાર સાથે એક્ઝામ આપવા આવી હતી એમના માટે કોઈપણ જાતની સુવિધા આપવામાં આવી નહોતી. ખાવા પીવા રહેવાની કોઈ વ્યવસ્થા નહોતી, ભર વરસાદમાં છત્રી લઈને ઊભા રહેતા હતા. ક્યાંતો આજુબાજુના મકાનોના છાપરા નીચે આશરો લેતા હતા. રાતના ટાઈમે ફૂટપાથ પર સૂઈ રહેતા હતા. તેમની આવી હાલત જોઈને અમને બધાને કરૂણાના ભાવ થતાં હતા અને તેમને સહાયરૂપ થવાની મનમાં ઈચ્છા જાગી. પંચાસર બિલ્ડીંગના **શ્રીમતી અલ્પાબેન વી. શાહ, શ્રી અમીતભાઈ આર. શાહ, ભાવિનભાઈ શાહ, શ્રી કાનન એસ. શાહ** તેમની મદદ માટે સ્ટ્રોન્ગ પીલર બનીને આગળ આવ્યા. પછી તો,

**''લોગ આતે ગયે ઔર કારવાઁ બનતા ગયા,''**

મરીનડ્રાઈવના પાટણ જૈન મંડળના રહીશો તથા આજુબાજુમાં રહેતા અન્ય બિલ્ડીંગોમાંથી પણ લોકો અમારી સાથે જોડાયા. અમે બધાએ સિંહ ફાળો નોંધાવી અને અને બીજા દિવસે એ લોકો માટે પાણી અને જમવાની વ્યવસ્થા કરી અને મદદ માટે ફાળો નોંધાવતા ગયા અને આ બધાના સહભાગી બનવાને કારણે સતત નવ દિવસ સુધી ૧૨૦૦ થી ૧૫૦૦ માણસોને રોજનું એક ટાઈમ જમવાનું અને પાણીની બોટલોની વ્યવસ્થા કરી શક્યા. રોજ એમના હેલ્થને ધ્યાનમાં રાખીને દાળ-ભાત શાક રોટલી કેળા જ્યુસ દૂધ બધું વગેરે જમવાનું પીરસતા હતા અને સાંજના સાડા પાંચ વાગ્યાથી શરૂ કરીને સાડા સાત સુધી કોન્સ્ટન્ટ નાના બાળકો અને છોકરીઓને જમવાનું ફ્રીમાં આપતા હતા. તેઓએ અને કેટલા બધા લોકોએ અમને દુઆઓ આપી. અમે બધાએ **''માનવ સેવા એજ પ્રભુ સેવા''** આ શબ્દને યથાર્થ કર્યો છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે સવારના ૫.૦૦ વાગ્યાથી ચાલુ થતી ટ્રેનિંગ સાંજના ૬.૦૦ કલાકે પુરી થતી હતી. હાજર રહેલા ૧૫ થી ૨૦ પોલીસોને પણ જમવાનું આપતા હતા અને જે પેરા મિલેટ્રી આવીને ઊભી રહેલી એને પણ આપણે રોજ બે ટાઈમ પાણી પહોંચાડતા હતા શરૂઆતમાં ૧૦,૦૦૦ પાણીની બોટલ મમતાબેન **સુચિતભાઈ** તરફથી આપણને કોમ્પ્લીમેન્ટરી મળેલી હતી.


## પ્રાચિન જિનબિંબોની ભવ્ય પુનઃ પ્રતિષ્ઠાનો અમૂલ્ય અવસર

**શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલય, શ્રી ટાંગડીયાવાડા શ્વે. મૂ.પૂ. જૈન સંઘ, અતિથિગૃહની પાછળ, પાટણ (ઉ.ગુ.) મધ્યે પ્રાચિન મેરૂપર્વતમાં આરસના ૭ થી ૯ ઈંચના ૪૧ જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠાનું ત્રિદિવસીય મહોત્સવનું અભૂતપૂર્વ અનુષ્ઠાન ફાગણ સુદ ૦૮-૦૯-૧૦ વી.સ. ૨૦૮૧ તા. ૦૭-૦૮-૦૯ માર્ચ ૨૦૨૫ને શુક્રવાર, શનિવાર તથા રવિવારના રોજ શુભ મુહુર્તે પ.પૂ. આ. ભગવંત શ્રી જગચ્ચંદ્ર સૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં સુનિશ્ચિત કરવામાં આવશે.**

* પ્રતિષ્ઠા કરાવવાનો નકરો દેવદ્રવ્યાર્થે રૂા. ૧,૦૮,૦૦૦/-
* સાધારણ ખાતે રૂા. ૨૭,૦૦૦/- (કુલ રૂા. ૧,૩૫,૦૦૦/-) નક્કી કરવામાં આવેલ છે.
* લાભાર્થી પરિવારનું નામ જિનાલયમાં યોગ્ય જગ્યાએ ગ્રેનાઈટની તક્તીમાં સુવર્ણાક્ષરે અંકિત કરવામાં આવશે.
* ઈચ્છુક લાભાર્થીએ શ્રી સુરેશભાઈ પટણી મો. નં. ૯૮૬૯૦૩૧૫૨૧ ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી.

**પૂણ્યોપાર્જન કરી જન્મ સાર્થક કરો**
**લિ. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલય, ટાંગડીયાવાડો, પાટણ - ટ્રસ્ટીગણ**

ADVT

## શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક સમિતિ આયોજિત કાર્યક્રમ




જીવન મહેક સમિતિ દ્વારા ૧૬ મે ૨૦૨૩ના એક ડિજીટલ જીવનસાથી પ્લેટફોર્મની શરૂઆત કરવામાં આવી હતી. આ ગ્રુપનું વિઝન આપણી કોમ્યુનિટીનો વિકાસ કરવા તેમજ વર્ષોથી ચાલી આવતા આપણા પારંપારિક રીત-રીવાજો સંસ્કારો, સંસ્કૃતિને જાળવીને જનરેશનને આગળ વધારવાની છે.

વડીલ વર્ગો પાસેથી સાંભળીએ છીએ કે પરિચીતો સાથે પરિણયનો સંબંધ બંધાય તો સોનામાં સુગંધ ભળે. બીજા સમાજમાં જવા કરતા આપણા સમાજના જ યોગ્ય જીવન સાથી શોધવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

આપણા સમાજમાં અપરણિત યુવક/યુવતીઓની અછત વધી છતાં હાલના સંજોગોમાં કેરિયર, એરિયા, ફેમિલી, એજ્યુકેશન, લુક્સ, ફાઈનાન્સ જેવા ક્રાઈટેરીયાને મહત્વ આપીને યોગ્ય જીવનસાથીને સિલ્કેટ કરવામાં વિલંબ કરી રહ્યા છે અને આમને સામને વિચારતા રહેવામાં લગ્નની ઉંમર વધતી જાય છે.

Better Optionની રાહ જોવામાં સારા પાત્ર તેમજ ઉંમર હાથમાથી સરી જાય છે હાલમાં ૩૫૦થી વધુ બાયોડેટા આ પ્લેટફોર્મ ઉપર મુકવામાં આવ્યા છતાં પેરેન્ટ્સ અને કેન્ડીડેટ યોગ્ય ડીસીઝન લેવા તેમજ તેમને મુંઝવતા અનેક પ્રશ્નના સોલ્યુશન લાવવા માટે એક પ્રખ્યાત મોટીવેશન સ્પીકરનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે આપ સર્વેનો પોઝિટીવ અપ્રોચ હશે તો ખાતરી છે કે પટણી સમાજની કોઈ કેન્ડીડેટ બહારના સમાજમાં લગ્ન કરવાનો વિચાર નહીં કરે. તો આવો આપ સર્વેના સાથ-સહકાર સાથે આ પાટણના જીવન મહેક કમિટિના કાર્યક્રમને સફળ બનાવીએ.

**તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ના રવિવારે એક મોટીવેશનલ સ્પીકરનું તેમજ ડીજેનું આયોજન કરવામાં આવેલ છે.**
**સ્થળ : આજીવાસન હોલ (સાંતાક્રુઝ-વેસ્ટ) • સમય : સાજે ૦૪.૦૦ થી ૦૮.૦૦ (હાઈ ટી)**
**જેમાં કેન્ડીડેટ સાથે એક પેરેન્ટને આવવાનું રહેશે.**

વ્યક્તિગત રૂા. ૧૦૦/- રજિસ્ટ્રેશન ફી રાખવામાં આવેલ છે. ઈચ્છીત વ્યક્તિએ પાટણ જૈન મંડળની ગુગલ લિંક ઉપર ફોર્મ ભરીને રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે. લિંક https://bit.ly/2024PJMJEEVANMAHEKEVENT અથવા મંડળના કાર્યાલયમાંથી ફોર્મ મળશે.

**આ કાર્યક્રમ માટે રૂા. ૫૦,૦૦૦/- ના ચાર સ્પોન્સરર આવકાર્ય છે.**
**તેમાંથી એક સ્પોન્સરર લાભાર્થી શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ (વખતજીની શેરી)**
**અન્ય દાતાઓએ વહેલી તકે નીચે મુજબના હોદ્દેદારોનો કોન્ટેક્ટ કરવા વિનંતી.**

કન્વીનર : શ્રી હિતેનભાઈ ચંપકલાલ વિમાવાળા : મો. ૯૩૨૩૭૪૨૭૮૯
માનદમંત્રીઓ : શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ : મો. ૯૩૨૩૯૫૩૭૭૯
શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ : મો. ૯૭૬૯૩૬૯૧૯૬
શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ : મો. ૯૮૧૯૦૦૭૪૬૯

## ધર્મ

**ધર્મ ભલે કરો પણ ધર્મની સાથે ધર્મ માટે પણ કંઈક જરૂર કરો.**
**જન્મથી જૈન નહીં, પણ કર્મથી જૈન થવાની વાતને વધારે મહત્વ આો.**
**ઉપર બેઠેલા મહાવીર કરતા વધારે અંદર બેઠેલાં મહાવીરની વાતને માનો.**
**ગુરુના દર્શન બહારની આંખોથી કરશો તો ગુરુની આકૃતિ દેખાશે,**
**પણ અંતરની આંખોથી કરશો તો ગુરુના આત્માને અનુભવી શકશો.**
**'નમો અરિહંતાણં' શીખતા પહેલા 'નમો' એટલે કે નમતા (વિનય) શીખવું જોઇએ.**
**સાધનાના આભૂષણો પહેરતાં પહેલા માનવતાના વસ્ત્રો પહેરવાને વિશેષ મહત્વ આપો.**
**પંથને નહીં, પરમાત્માને માનો... પરમાત્માને પૂજો.!**

## પ્રતિબિંબનું પ્રતિબિંબ

''પ્રતિબિંબ'' સમાજના વિભિન્ન અંગ સાથે સૂમેળ સાધતો અંક સેતુ છે, જે સિનિયર સિટીઝન માટે હૂંફ છે, કલાકાર માટે પ્રોત્સાહક છે. ગૃહિણી અને વિદ્યાર્થી માટે માર્ગદર્શક છે. સમાજના એક અંગ માટે આશ્રય સ્થાન છે તો બીજાના નામનું પ્રતિક છે. છેલ્લા ૨૫ વર્ષથી અવિરતપણે સમાજ ઘડતરની ફરજ બજાવી રહેલ ''પ્રતિબિંબ'' યુવાનીના થનગનાટ સાથે વધુ પરિપક્વ થઈને સમાજને ઘડવા માટે, દિશા આપવા માટે, મશાલ બનીને સજ્જ થયેલ છે. કદાચ આવતા દાયકામાં ભારત વિકસિત દેશમાં સ્થાન પામશે. પરંતુ આવનાર દાયકામાં ''પાટણ'' પોતાની અસ્મિતા સાથે ગુજરાતમાં જ નહીં, ભારતભરમાં એક ઐતિહાસિક નગર જ નહીં પણ ઉત્કૃષ્ટ સમાજ સાથે, વિશ્વભરમાં પોતાના રંગ પાથરતા મેઘધનુષની જેમ ચમકશે અને ત્યારે જ દરેક પાટણવાસી પ્રતિબિંબનું આ ''પ્રતિબિંબ'' જોઈને પ્રસન્નતા અનુભવશે. પ્રતિબિંબના આજી તથા માજી કાર્યકરી સંચાલક મંડળને અભિનંદન સાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ

❑ શ્રી દિપકભાઈ ગુણવંતલાલ શાહ (પૂના)

## ધન

ધન ઉપર મદાર રાખશો નહીં.
ધન તો સીડી જેવું છે..
માળિયે મૂકો તો ઉપર લઈ જાય..
ભોંયરામાં મુકો તો નીચે લઈ જાય..
એ હાથમાં આવે અને તમને તેના ઉપયોગ માટે શું
વિચાર આવે છે, તેના પરથી એ ધન છે કે લક્ષ્મી તે
નક્કી થાય. લક્ષ્મી તો કો'ક ને ત્યાંજ પધારે..
બાકી તો ધન જ આવ - જા કરે છે..

## ક્રોધ

ક્રોધ કીચડ જેવો હોય..
જે પાણીથી ધોવાય જાય..
દ્વેષ કાંટા જેવો હોય..
જે એકવાર અંદર ગયો,
એટલે જ્યાં સુધી કાઢો નહીં,
ત્યાં સુધી ખૂંચ્યા કરે અને
જો અંદર રહી જાય તો સડો કરે..
ક્રોધ અને દ્વેષની સમજ આપી અમારા ક્રોધ અને દ્વેષ
ઘટાડનાર અસીમ ઉપકારી પૂજ્ય ગુરુદેવની અને સર્વ
જીવોની અંતઃકરણપૂર્વક ક્ષમાપના!


## PATAN CO-OPERATIVE BANK LTD.

RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG,
MARINE DRIVE, MUMBAI – 400 020.
TEL: 2281 5290 / 2281 7444 / 2281 9403 / 2281 6513.
Email ID: ho@patanbank.com • Web site: www.patanbank.com

### NOTICE TO MEMBERS

NOTICE IS HEREBY GIVEN THAT THE **43RD ANNUAL GENERAL MEETING** OF THE MEMBERS OF PATAN CO-OPERATIVE BANK LTD WILL BE HELD ON **FRIDAY 20TH SEPTEMBER, 2024 AT 3.00 P.M.** AT, PATAN JAIN MANDAL HALL. PJM ROAD MARINE DRIVE, MUMBAI 400020) TO TRANSACT THE FOLLOWING BUSINESS:

1. To read and confirm minutes of the 42nd Annual General Meeting held on 22nd September 2023.
2. To consider and approve the following proposals:
   i. Annual Report for the year 2023-24.
   ii. Profit and Loss account for the year ended on 31st March 2024.
   iii. Balance-sheet as on 31st March 2024.
3. To receive and adopt the report of Statutory Auditor & it's compliance report – **M/s. VPR & Associates for the financial year 2023-24,** along with notes to accounts.
4. To ratify the Annual Budget for the year 2024-25 as approved by the Board of Directors.
5. To ratify the appointment of Statutory Auditor for the year 2024-25 as approved by Reserve Bank of India.
6. To grant approval for written off towards Bad Debts (NPA) identified by the Management as irrecoverable approved by Board of Directors & certified by Statutory Auditor to be adjusted against BDDR fully provided in the earlier years.
7. To grant leave of absence to the members of the Bank.
8. Any other business that may be brought forward with the permission of the Chair.

**Date: 16.08.2024.** **By order of the Board of Directors**
**sd/-**
**Chief Executive Officer.**

### APPEAL TO MEMBERS:

1. Members desire to receive annual report copy are requested to contact any of branch or provide your email I.D. for receiving the annual report by e-mail.
2. This notice should be treated as notice to individual member.
3. Adjourned Annual General Meeting for want of quorum, if necessary, will be held on the same date and place after half an hour of the notified time of such meeting.
4. Members desiring to offer any suggestion at the Annual General Meeting or ask any question pertaining to the annual report and accounts are requested to write to the Bank at least 7 days before meeting date i.e. on or before **13th September 2024.**
5. Members are requested to intimate any change in name of nominee, office and residential address, status etc. so as to keep our records up to date.

ADVT



# PATAN JAIN MANDAL SPORTS COMMITTEE



*Presents*

**PATAN PREMIER LEAGUE SEASON 8 IS BACK WITH A BANG!!!**

The much awaited tournament returns featuring 7 teams,
126 players and 39 matches all leading to a blockbuster Finale.

If you are eager to join as a player, don't miss the chance -
fill out the registration form before 26th August 2024

**Registration Link:**

https://docs.google.com/forms/d/e/1FAIpQLSd9ScJIZDybpT9ZemkY_TC2cxSCYTNTz5iilUk7fTVArfj17w/viewform?usp=sf_link

**Please Note:**

**Matches will start from first weekend of Jan and will most likely end in first weekend of March**

**Requried some Sponsers for PPL (Patan Premier League) if anyone instred for the same Contect :**

**Shri Rohitbhai M. Shah 9820227147**
**Shri Vineshbhai A. Shah 9322256244**
**Shri Yogeshbhai R. Shah 9820045371**
**Shri Miteshbhai S. Shah 9022068665**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | નરેશભાઈ રમણલાલ શાહ | ૭૩ | મુંબઈ | ૨૨-૦૭-૨૪ | અષાઢ વદ ૦૧ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | ઉમેશભાઈ કંચનલાલ શાહ | ૬૭ | ઘાટકોપર | ૨૪-૦૭-૨૪ | અષાઢ વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | રાજેન્દ્રભાઈ ચંદુલાલ શાહ | ૭૭ | અંધેરી | ૨૭-૦૭-૨૪ | અષાઢ વદ ૦૭ |
| દશા પોરવાળ | કપુરમહેતાનો પાડો | પ્રદિપભાઈ લાભચંદ શાહ | ૭૨ | ગોરેગામ | ૦૧-૦૮-૨૪ | અષાઢ વદ ૧૨ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | ચંદ્રકલાબેન કુમુદચંદ્ર શાહ | ૮૨ | ગોરેગામ | ૦૩-૦૮-૨૪ | અષાઢ વદ ૧૪ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | પ્રતાપભાઈ સુરજમલ શાહ | ૮૭ | મલાડ | ૦૫-૦૮-૨૪ | શ્રાવણ સુદ ૦૧ |
| વિશા પોરવાળ | ચિતારાની ખડકી | લીનાબેન પ્રદિપભાઈ પત્રાવાલા | ૭૨ | લોનાવલા | ૦૫-૦૮-૨૪ | શ્રાવણ સુદ ૦૧ |
| વિશા ઓસવાલ | ઝવેરી વાડો | રાજેન્દ્રભાઈ રમણલાલ શાહ | ૮૬ | નવસારી | ૦૭-૦૮-૨૪ | શ્રાવણ સુદ ૦૩ |
| વિશા શ્રીમાળી | ઝવેરી વાડો | નૂતન પ્રિતેશભાઈ પરીખ | ૫૩ | કાંદિવલી | ૧૫-૦૮-૨૪ | શ્રાવણ સુદ ૧૦ |
| દશા ઓસવાલ | કસુંબીયા વાડો | મહેન્દ્રભાઈ ચંપકલાલ શાહ | ૮૪ | ગ્રાન્ટરોડ | ૧૭-૦૮-૨૪ | શ્રાવણ સુદ ૧૨ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | નિરંજનાબેન પ્રવિણચંદ્ર શાહ | ૮૨ | બોરીવલી | ૨૦-૦૮-૨૪ | શ્રાવણ વદ ૦૧ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# રક્ષાબંધન

**कच्चे धागों का ये रिस्ता.... बन जाता है बचपन से....**
**मरते दम तक साथ निभाये.... बंध के रक्षा बंधन से....**

રક્ષાબંધનનું બીજુ નામ બળેવ... શ્રાવણ સુદ પુનમના દિવસે ઉજવાય છે, તે દિવસ નાળિયેરપૂર્ણિમાના નામથી પણ પ્રચલિત છે.

ભાઈના જીવનમાં ભાઈના જીવન વિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને પ્રેરક શુભેચ્છાનું પ્રતિક રક્ષાબંધન પર્વ છે, મનુષ્ય જન્મે ત્યારથી તેને કોઈકને કોઈ ભય તો રહેતો જ હોય છે. અને જ્યાં ભય હોય ત્યાં રક્ષા સ્વયંભુ પ્રગટ થતી હોય છે. રક્ષાની ભાવના પ્રબળ અને તીવ્ર હોય છે. બહેન રેશમની દોરી રૂપે રાખડી ભાઈના હાથે બાંધે છે અને સાથોસાથ અંતરથી આશિષ આપે છે કે પોતાનો ભાઈ હરહંમેશ ખુશાલ રહે. તેના જીવન દરમ્યાન આઠ કર્મ પર વિજય મેળવીને અંતર અંતઃકરણના શત્રુઓ કામ, ક્રોધ, માન, માયા, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા વગેરે ઉપર વિજય મેળવે એવી આકાંક્ષા પણ સેવે છે. બહેનની આ શુભેચ્છા ભાઈના જીવન વિકાસમાં પ્રેરણાદાયી અને પોષક બને છે.

ભાઈના સાંનિધ્યમાં બહેન હંમેશા નિર્ભય બની રહે છે, બહેનને વિશ્વાસ હોય છે કે જીવનમાં ક્યારે પણ કોઈપણ પરિસ્થિતિમાં જરૂર પડે, ભાઈ પડખે ઊભો જ છે અને કપરી પરિસ્થિતિમાં ઉગરી જશે તે આશા હંમેશા અમર છે.

લોહીની સગાઈથી બનેલો ભાઈ-બહેનનો સંબંધ અણમોલ છે, અમૂલ્ય છે નિઃસ્વાર્થ હોય છે... નિર્મળ હોય છે...

ભાઈ-બહેન બન્ને એકમેકની ખુશીમાં ખુશ અને દુઃખમાં દુઃખી થતાં હોય છે તે સ્વાભાવિક છે, બન્ને જણા વિધાતાને એકમેકના જીવનમાં સફળતા મળે, ધાર્મિક ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે પ્રગતિમાં શિખર સર કરે તે માટે અરજ કરે છે.

અંતમાં લોહીની સગાઈથી બનેલ ભાઈ-બહેનનો સંબંધ કચ્ચા ધાગા/રેશમી દોરીથી એટલો મજબૂત બનવો જોઈએ કે આ જન્મ તો શું ભવાંતરમાં પણ ટકી રહે અને તે નિભાવવાની જવાબદારી બન્ને પક્ષે સરખી આવે છે.

**"Happy Rakshabandhan "**

❑ શ્રી અમીત ઝવેરી



Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● August 2024 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# સાભાર સ્વીકાર

**લોનાવલા પ્રોજેક્ટ ભેટ :**
૧૬,૦૦,૦૦૦/- શ્રી હેમચંદ્ર જીવનલાલ શાહ (કસુંબીયા વાડો)
૧૫,૦૦,૦૦૦/- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)

**જીવન નિર્વાહ ભેટ :**
૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (કનાસાનો પાડો)
૫,૫૦,૦૦૦/- શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ (કેશુશેઠનો પાડો)

**સમાજ ઉત્કર્ષ ભેટ :**
૧૧,૦૦,૦૦૦/- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
૨૭,૦૦૦/- શ્રી અરીહંત આરાધક ટ્રસ્ટ (રતન નગર)

**શિક્ષણ સહાય ભેટ :**
૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)

**સૌરભ મેડિકલ હેલ્થકેર ભેટ :**
૫,૦૪૦૦૦/- શ્રી રજનીકાંતભાઈ સેવંતીલાલ ઝવેરી (કનાસાનો પાડો)

**મેડિકલ સહાય ભેટ :**
૧,૨૫,૦૦૦/- શ્રી આશિતભાઈ અશ્વીનભાઈ શાહ (લખિયારવાડો)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ :**
૩૦,૦૦૦/- શ્રી દેવેનભાઈ રતનચંદ સરકાર
૨૧,૦૦૦/- સ્વ. શ્રી નરેશભાઈ રમણલાલ શાહના સ્મરણાર્થે શ્રીમતી નયનાબેન નરેશભાઈ શાહ (વખતજીની શેરી)

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૪. શ્રીમતી કિન્નરીબેન દીપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૫. શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૬. શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,